# મહેસાણામાં માનસિક દિવ્યાંગ બાળકોનો સ્પેશયલ ખેલમહાકુંભ રમતોત્સવ યોજાયો

## ૮૩૪ માનસિક દિવ્યાંગ બાળકોએ ૧૫ જેટલી રમતોમાં ભાગ લીધો

રમત-ગમત વિભાગ અને ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણા દ્વારા મહેસાણા જિલ્લામાં ડો. બી.આર. આંબેડકર સ્ટેડિયમ ખાતે માનસિક દિવ્યાંગ બાળકોનો રમોત્સવ યોજાયો હતો. સાંસદ જયશ્રીબહેન પટેલ ઉપસ્થિત રહી ૧૫ જેટલી રમતોમાં ભાગ લીધેલ ૮૩૪ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સાસંસદ જયશ્રીબહેન પટેલે દોડ, સાયકલીંગ, બોસી, વોલીબોલ જેવી વિવિધ રમતો માટે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે બાળકોને યોગ્ય વાતાવરણ અને તક આપવામાં આવે તો કોઈ પણ બાળક સિધ્ધી મેળવી શકે છે.

સાંસદના હસ્તે ઓસ્ટ્રીય ખાતે ખાસ ઓલ્મપિકસ વિશ્વ સમર વિન્ટર ૨૦૧૭માં વિજેતા માનસિક દિવ્યાંગ ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ




સાહેબે દિવ્યાંગ બાળકોને આશિર્વચન પાઠવ્યા હતા. ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટના નવ માનસિક બાળકો આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે સિધ્ધી મેળવી રાજ્યનું નામ રોશન કરેલ છે. જિલ્લાના ૯૪ માનસિક દિવ્યાંગ બાળકો રાષ્ટ્રીય સ્તરે સારો દેખાવ કરેલ છે. મહેસાણા જિલ્લો છેલ્લા ત્રણ વર્ષથી સ્ટેટ લેવલની ચેમ્પીયનશીપમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ મેળવી પ્રથમ રહ્યો છે. કાર્યક્રમમાં ઉચ્ચ સ્તરના અધિકારીઓ, પદાધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજના મહામંત્રી જે.વી. શ્રીમાળી ભાજપમાં જોડાયા

હિંમતનગર, તા. ૧૦

ગુજરાત પ્રદેશ ભાજપાની સૂચનાનુસાર આગામી કાર્યક્રમના આયોજન માટે સાબરકાંઠા જિલ્લા અનુ.મોર્ચાની બેઠક આજ રોજ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે રતિલાલ વર્મા પૂર્વ સાંસદની ઉપસ્તીથીમાં યોજાયેલ.

જેમાં ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના રાજ્યકક્ષા ના મહામંત્રી અને સરકારના મહેસુલ ખાતામા મામલતદાર તરીકે યશસ્વી કામગીરી કરી નિવૃત થયેલા અને મહેસુલી મહામંડળમા રાજ્યકક્ષાએ ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપનાર તથા જિલ્લા-રાજ્ય કક્ષાએ વિવિધ સંગઠનો સાથે જોડાયેલ બાહોશ અને લોકપ્રીય અધિકારી જયંતીભાઈ.વી. શ્રીમાળી ભારતીય જનતા પાર્ટીમાં જોડાતા સાબરકાંઠા જિલ્લા અનુ.મોર્ચાના પ્રમુખ નરેશ ભાઈ મહામંત્રી, રાજુભાઈ શહેર પ્રમુખ કાંતિભાઈ ભાઈ પંડયા, જગદીશભાઈ સોલંકી અને તમામ સભ્યો તથા ભગાભાઈ પરમાર જિલ્લા ઉપપ્રમુખ જે.ડી. પટેલ જિલ્લા પ્રમુખ તથા વિજયભાઈ પંડયાએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

# ...આને કહેવાય ખરી શ્રધ્ધાંજલી

## પ્રાંતિજના દલપુરમાં દલીત પરિવાર દ્વારા સ્વર્ગસ્થના બેસણામાં સગાં-સંબંધીઓ સ્નેહીજનો મિત્રોને વૃક્ષોનું વિતરણ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ખાતે રહેતા દલીત પરિવાર દ્વારા સ્વર્ગસ્થના બેસણામાં આવેલ સગા સંબંધીઓ સ્નેહનીજનોને વૃક્ષોનું સંબંધીઓ સ્નેહનીજનો મિત્રો જ્ઞાતિજનો સહિત ઉપસ્થિત લોકોને સાંકળ-ચોપડી કે બિસ્કીટ આપવાને બદલે દલીત પરિવાર દ્વારા વનવિભાગના સંયોગથી ૧૦૦૧ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને




વિતરણ કરવામાં આવ્યું.

પ્રાંતિજના દલપુર ખાતે રહેતા દલીત પરિવાર દ્વારા પોતાનાં માતૃશ્રી હિરાબાનું અવસાન થતાં સમાજના રીત રીવાજ મુજબ સ્વર્ગસ્થનું બેસણુ રાખવામાં આવ્યું હતું. જેમાં બેસણાની અંદર સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલી આપવા માટે આવનાર સંગા-સાથે-સાથે જતન કરવાનું આહવાન કરવાં જણાવ્યું હતું. વન અધિકારી કે.પી. પટેલ, વન પાલક એ.જે. વાળંદ, સલાલ સરપંચ જસવંતસિંહ, દલીત સમાજનાં પ્રમુખ ચંદનભાઈ, ગામના અગ્રણી ભીખાભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં અને સ્વર્ગસ્થના બેસણામાં આવેલ લોકોને વુક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના ઘડકણમાં યુવતીની વિડીઓ કલીપ બનાવી તેના ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ઘડકણમાં ૧૭ વર્ષની યુવતીનો વિડીઓ બનાવી તેના ભાઈને મારી નાંખવાની ધમકી આપી તેની મરજી વિરૂધ્ધ અનૈતિક સંબધ બાંધવા દબાણ કરવામાં આવતાં યુવતી દ્વારા ગામના જ ત્રણ યુવકો સામે પોલીસ ફરીયાદ કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામે રહેતાં પ્રજાપતિ કાજલ પુનમભાઈ ઉ. વર્ષ- ૧૭ ને ગામમાં જ રહેતાં ત્રણ યુવકો દ્વારા છેલ્લાં બે વર્ષથી કાજલને શાળાએ આવતાં જતાં હેરાન-પરેશાન કરતા અને આરોપી દર્શન રમેશભાઈ પટેલ દ્વારા તેના બે મિત્રોની મદદથી યુવતી જયારે પોતાના ઘરે બાથરૂમમાં ન્હાવા ગયેલ હતી ત્યારે તેનો વિડીઓ કલીપ બનાવી હતી અને તુ મારી જોડે સંબધ બાંધ નહિ તો તારા ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

જેથી યુવતી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દર્શન રમેશભાઈ પટેલ, વિશાલ રમેશભાઈ પટેલ, ધવલ રમેશભાઈ સોની ત્રણેય રહે. ઘડકણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## હિંમતનગરમાં યુવા ‘ટાઉનહોલ’

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહે આજે યુવા ‘ટાઉનહોલ’ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના દોઢ લાખથી વધુ યુવાનોને ગુજરાતના અલગ અલગ ૩૦૦થી વધુ કેન્દ્રો પર વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધ્યા હતા. આ પ્રસંગે હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લાના યુવા ભાજપના કાર્યકરોને માર્ગદર્શન આપવા આવેલા કેન્દ્રના મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહે અમીતભાઈ શાહના સંવાદ અગાઉ વિશાળ સંખ્યામાં યુવા કાર્યકરોને સંબોધતા વધુમાં જણાવેલ કે, અમીતભાઈએ મને જવાબદારી આપી છે જે દક્ષીણની સુરતની આપી છે. તેમના અધ્યક્ષ સ્થાને વિશ્વમાં સૌથી મોટી પાર્ટી ઉભરી આવી છે. ચૂંટણી આવી છે એટલે રણનીતિ બનશે જીત તો નિશ્ચિત છે. પરંતુ ચૂંટણીમાં ઉદાહરણ-માપદંડ કરાય છે. બીજા રાજ્યો માટે આ ગુજરાતનું મોડલ સ્થાપીત કરવા માટે ચૂંટણી છે, આપણા વ્યવહાર-કામગીરીની ભૂમિકા કેવી છે જે આ ચૂંટણી કરતું હોય છે. આપણે સૌ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચૂંટણી માટે નિકળ્યા છે. ગુજરાત તેમાં ગૌરવની બાબત છે. ડૉ. જીતેન્દ્રસિહે વધુમાં જણાવેલ કે, ૨૦૧૭નું વર્ષ યુવાનોનું વર્ષ છે. જીત-હાર યુવાનો નક્કી કરશે, યુવાનો ઈમાનદાર હોય છે. સાથે બીજા મહિલા શક્તિ, માતૃશક્તિએ પુરૂષોને મત આપવા માટે ધકેલે છે. નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અમીતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ગુજરાતની ચૂંટણીમાં જે જવાબદારી આપી છે તેમાં સફળતા પ્રાપ્ત થશે જ તેવો દૃઢ આશા વ્યક્ત કરી હતી.

# ધનસુરાના શિણોલ નજીક સ્કૂલવાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ભારે અફડાતફડી

## બાળકોનો આબાદ બચાવ : બાળકોના દફતર અને વાન આગમાં સ્વાહા

ધનસુરા, તા. ૧૦

ધનસુરાના શિણોલ ગામ નજીક શનિવારે શિકા-હિંમતનગર હાઈવે પાસે સવારે ૧૧ વાગ્યાના સુમારે સ્કૂલવાનમાં અચાનક શોર્ટસર્કીટથી આગ લાગતા વાનચાલકે



સમયસૂચકતા વાપરી તાત્કાલિક બાળકોને સ્કૂલવાનમાંથી બહાર કઢાતા સદ્નશીબે જાનહાની ટળી હતી. આગે જોતજોતામાં ભયાનક સ્વરૂપ ધારણ કરતા વાન ઉપર રાખેલ બાળકોના દફતર અને વાન આગમાં ભસ્મીભૂત થયી ગયી હતી. ગામ નજીક જ સ્કૂલવાનમાં આગ લાગતા ગામલોકો દોડી આવ્યા હતા અને ભારે અફડાતફડીનો માહોલ પેદા થયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ધનસુરા તાલુકાના ભેસાવાડાના રાજુભાઈ પટેલ શિણોલ ગામની શેઠ એલ.પી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા તેમના બાળકો અને આજુબાજુમાં રહેતા અન્ય ૭ થી ૮ જેટલા બાળકોને મુકવા અને લેવા જવા માટે તેમની પાસે રહેલી મારુતિ વાનનો ઉપયોગ કરતા હતા ત્યારે શનિવારે શીકા-હિંમતનગર હાઈવે પર શિણોલ નજીક સવારે ૧૧.૩૦ કલાકે શાળામાંથી છૂટેલા બાળકોને લઈ નીકળ્યા હતા ત્યારે સ્કૂલવાનમાં અચાનક શોર્ટ-સર્કિટથી આગ લાગતા વાનચાલકે સમયસૂચકતા વાપરી તમામ બાળકોને સ્કૂલવાનમાંથી નીચે ઉતારી દીધા હતા. સ્કૂલવાન થોડીક જ મિનિટોમાં આગમાં ભસ્મીભૂત થતા સ્કૂલવાન પર રાખેલા બાળકોના દફતર પણ સળગી ગયા હતા. સ્કૂલવાનમાં આગ લાગતા ગામ લોકો દોડી આવી આગ ઓલવવાનો પ્રયત્ન કરતા પણ નાકામ રહ્યો હતો. સ્કૂલવાનમાં ભયાનક આગની લપેટમાંથી બાળકો બચી જતા આગના પગલે દોડી આવેલા લોકો અને બાળકોના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરની શ્રીરામ વિદ્યાલય બનાસકાંઠા જિલ્લાનુ ગૌરવ



ગુજરાત સરકાર તરફથી રમાતા ખેલ મહાકુંભ રમતગમતની અંડર-૧૪માં પાલનપુરની શ્રીરામ વિદ્યાલય શાળાની કુમારી સુહાની કલ્પેશભાઈ પઢિયારે ચેસની રમતમાં જિલ્લાકક્ષાએ પ્રથમ આવી શાળાનું તેમજ સમસ્ત માળી સમાજનું ગૌરવ વધારેલ છે. તેમજ સુહાનીના પિતા કલ્પેશભાઈ પઢિયાર પણ સાંઈબાબા કલબના ઉપપ્રમુખ છે અને ટેબલ ટેનીસના સારા ખેલાડી છે.

# મેઘરજ તાલુકાના ૧ ૨ ગામોમાં નર્મદા મહોત્સવ રથનું સ્વાગત

મેઘરજ, તા. ૧૦

મા નર્મદા મહોત્સવ ઉજવણીના પહેલા દિવસે મેઘરજ તાલુકાના ૧૨જેટલા ગામોમાં મા નર્મદા રથનું ઉત્સાહભેર સ્વાગત કરવામા આવ્યુ હતુ. જેમા સરદાર સરોવર નર્મદા ડેમના દરવાજા બંધ થવાની ઐતિહાસિક ક્ષણને મા નર્મદાના પારસ પાણીથી લાભાન્વિત ગામોમાં મા નર્મદા મહોત્સવની ઉજવણી થઈ રહી છે. મેઘરજ તાલુકાના ૧૨ જેટલા ગામોમાં રથનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મેઘરજ તાલુકાના મેઘરજ મામલતદાર કચેરી ખાતે મુખ્ય ઈન્ચાર્ચ ગુજરાત રાજ્યના વનવિભાગના ડીરેકટર જ્યવતીકાબેન ડામોર, તાલુકા પ્રમુખ દીલીપભાઈ સુવેરા, ભીખાજી ડામોર, એન.કે. પટેલ, કાળુભાઈ ડામોર, મહેશભાઈ ઉપાધ્યાય, અરવિંદભાઈ પટેલ, મેઘરજ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી તેમજ દરેક મોર્ચાના કાર્યકરતાઓ અને સરકારી કર્મચારીઓની ઉપસ્થીતી મા નર્મદા રથયાત્રા મેઘરજ મામલતદાર કચેરીથી નીકળીને સાંગપુર, બેલ્યો, ડુગરાગોડ, બસ્કાદાંતી, મુડશી, વાધોરા, ભુંજરી, પીસાલ, રાજપુર, સુરદેવી, ભુતીયા વગેરે ગામોમાં મા નર્મદા રથ ફરીને રામગઢી ગામ ખાતે રાત્રિ રોકાણ કરવામાં આવ્યો હતો. રથ પરિભ્રમણ દરમિયાન ગામે ગામમાં દીકરીઓ દ્વારા કળશ અને શ્રીફળ સાથે રથના વધામણા કર્યા હતા અને મા નર્મદાની આરતી ઉતારવામાં આવી હતી. દરેક ગામોમાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



## મોડાસાના મલ્ટી-પરપઝ હેલ્થ કર્મચારી (યુ) દ્વારા પગાર વિસંગતા બાબતે આવેદનપત્ર

સમાન શૈક્ષણિક લાયકાત છતાં રાજ્ય સરકાર દ્વારા ગ્રેડ-પેના ધારાધોરણમાં વિસંગતા મુદ્દે મોડાસાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા મલ્ટી-પરપઝમાં કર્મચારીઓએ શુક્રવારે જિલ્લા કલેકટર અને મામલતદરને આવેદન પત્ર આપી લઘુત્તમ પગાર ધોરણ, ઉચ્ચતર પગાર ધોરણ નામાભિધાન સુધારાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.

## ખેડબ્રહ્મા મોબાઈલ એસો.ની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા મોબાઈલ એસોસિએશનની જનરલ મીટીંગ ખેડબ્રહ્મા શહેરમાં નગરપાલિકા સંચાલિત ગાર્ડનમાં આજરોજ યોજાઈ ગઈ.

આ મીટીંગમાં હોદ્દેદારોની રચના કરાઈ અને એસોસિએશનના સદસ્યો માટે નિતી નિયમો ઘડવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખપદે જીગ્નેશભાઈ રાવલ, ઉપપ્રમુખ દિલિપ સેલ્સ રાકેશ મહેતા, કે.વી. કોર્પોરેશન મંત્રીપદે હસમુખભાઈ પંચાલનો સમાવેશ થાય છે.

## પઢારા ગામે જીપમાંથી પટકાતા એકનુ મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના પઢારા ગામની સીમમાં જીપમાંથી એક ઈસમ પડી જતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર પઢારા ગામનો પ્રવિણભાઈ શંકરભાઈ ગમાર તા. ૩-૯-૧૭ના રોજ કમાન્ડર જીપગાડી નં. જીજે.૧૭.સી. ૨૯૫૬માં બેસી આવતા હતા ત્યારે જીપચાલકે જીપને બેદરકારીથી ગફલતભરી રીતે હંકારતા પ્રવિણભાઈ જીપમાંથી બહાર પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત થતા ઈશ્વરભાઈ શંકરભાઈ ગમારે જીપચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડીપાર્ટમેન્ટની બેઠક

## અહેમદ પટેલની જીતથી ગુજરાત કોંગ્રેસમાં ઉત્સાહ : અશ્વિન કોટવાલ

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડીપ્રાટમેન્ટ દ્વારા હિંમતનગર શહેરના નવા સરકીટહાઉસ ખાતે કારોબારી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાજેતરમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા ઓવેસી જેવા સમાજના ગદ્દારોની વાતોમાં આવ્યા વગર કોંગ્રેસ પક્ષને વધુમાં વધુ મતદાન કરાવી વિજયી બનાવવા પ્રદેશ પ્રમુખ ગુલાબખાન રાઉમાએ આપીલ કરી હતી ત્યારે અશ્વિન કોટવાલે જણાવ્યુ હતુ કે માઈનોરીટી સમાજ હંમેશા કોંગ્રેસ પટેલ તથા જિલ્લાના નવા નિમાયેલા પ્રમુખ મણીભાઈ પટેલનું પણ શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. આજની આ મિટીંગમાં માઈનોરીટી કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગુલાબખાન રાઉમા, ધારાસભ્ય, અશ્વિન કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયા,



ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોને કરોડો રૂપિયાની લાલચ આપી હોવા છતાં કોંગ્રેસ પક્ષને વફાદાર રહી કોંગ્રેસના ઉમેદવારને મત આપી વિજયી બનાવવા બદલ ધારાસભ્ય અશ્વિન કોટવાલ તથા મહેન્દ્રસિંહ બારૈયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

માઈનોરીટી સમાજના આગેવાનો તથા હોદ્દેદારોએ કોઈ પણ લોભ, લાલચમાં કે અસફઉદીન સાથે રહ્યો છે અને તાજેતરમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં અહેમદભાઈ પટેલના વિજય થવાથી સમગ્ર કોંગ્રેસમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે માઈનોરીટી સમાજે જંગી મતદાન કરી કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે ગોપાલસિંહ રાઠોડ, મંત્રી. અશોક ગોપાલસિંહ રાઠોડ, અશોક પટેલ, જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી પ્રમુખ ઈમરાન દાવડા, તાલુકા પંચાયત પ્રમુખ ઈમરાન ઠાકોર સદસ્ય, મુદસર વિજાપુરા, પાકિઝાબેન, ટી.વી. પટેલ, ઈમરાન બાદશાહ, વલીભાઈ વિજાપુરા, યુસુફભાઈ બરચા વિગેરે માઈનોરીટી સમાજના હોદ્દેદારો તથા કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજ ગાયત્રી મંદિરમાં દિન દહાડે તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ચોરો બેફામ બન્યા છે. ત્યારે શનિવારના રોજ દિન દહાડે સવારે સાડાનવથી બાર વાગ્યાના અરસામાં તસ્કરોએ મેઘરજ ગાયત્રી મંદિરને નિશાન બનાવી લાકડીથી મંદિરમાં રહેલ લોખંડની સાંડસી કાઢી મંદિરનું તાળુ તોડી તસ્કરો મંદિરમાં રહેલ આશરે ૧૬૫૦૦ના મત્તાની ચોરી કરી પલાયન થઈ જતા મેઘરજ નગરમાં ચકચાર મચી જવા પામી છે.

મેઘરજના ગાયત્રી મંદિરમાં સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં એક મહિલા મંદિરમાં થાળ ચઢાવવા માટે ગઈ હતી. ત્યારે મંદિરમાં રહેલ વસ્તુઓ વેરણ છેરણ અને દરવાજાનુ તાળુ તુટેલુ જણાતાં મહિલાએ મંદિરના પ્રમુખને જાણ કરી હતી અને મંદિરના પ્રમુખ તેમજ અન્ય અગ્રણીઓએ મંદિરમાં જઈ તપાસ કરતાં એક એમ્પલીફાયર , ૨ મોટા સ્પીકર અને એક નાનુ એમ્પલીફાયર મંદિરમાં જણાયુ ન હતુ. જેથી મંદિરના પ્રમુખ અશોકભાઈ ઉપાધ્યાયે મેઘરજ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે પંચનામુ કરી એક એમ્પલીઉફાયર, ૨ મોટા સ્પીકર અને એક નાનુ એમ્પલીફાયર મળી કિંમત રૂ. આ. ૧૬૫૦૦ની ચોરી થયાની મેઘરજ પોલીસે ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.